# <u>પ્રેસનોટ</u>

તા. ૩૦-૦૭-૨૦૧૦

- <u>ગુજરાતના મુખ્યમંત્રી ખંડણી-અપરાધ યાત્રાને વિકાસયાત્રા તરીકે ખપાવવાનું બંધ કરે તે સમયનો તકાજો છે: સિધ્ધાર્થ પટેલ.</u>
- <u>મુખ્યમંત્રી કોંગ્રેસ પક્ષની ચિંતા છોડે</u>
- <u>ભાજપની જેમ કોંગ્રેસ ગુન્હેગારોને ઉમેદવાર તરીકે ઉભા રાખવાની નથી.</u>

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલે આજે અહીં જણાવ્યું હતું કે, તપાસ એજન્સીની નકલી એન્કાઉન્ટર અને ખંડણી ઉઘરાવવાના ષડયંત્રની તપાસમાં ભાજપના પ્રધાનો, નેતાઓ અને પોલીસ અધિકારીઓને સંડોવતી રોજ નવી નવી વિગતો બહાર આવતાં ગુજરાતની પ્રજા આઘાત અનુભવી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પોતાના પર આપત્તિ આવી પડે ત્યારે, અન્યને દોષ દેવા માટે ટેવાયેલા અને રઘવાયા બનેલા મુખ્યમંત્રી વાણી વિલાસ કરી રહ્યાં છે. પોતાના અંગત સ્વાર્થ ખાતર ગુજરાતની પ્રજાને ઢાલ બનાવવાની તેમની માનસિકતા બદલાતી નથી. હવે "ગુજરાતીઓ કોઇને છેડતાં નથી અને કોઇ છેડે તો તેને છોડતા નથી" એમ કહીને ફરી એકવાર મુખ્યમંત્રીએ ગુજરાતની પ્રજાને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે, દરેક વખતે બે મોઢાની વાત કરીને મુખ્યમંત્રી પ્રજાને ભરમાવી શકશે નહીં.

૧. તમામ ગેરકાયદેસર કૃત્યો અને પ્રક્રિયામાં પોતે સામેલ છે કે કેમ? તેનો જવાબ તેમણે આપવો જોઇએ.

૨. જો તેઓ સામેલ ન હોય તો તેમની નજર નીચે આ બધુ બનતું ગયું અને તેમને ખબર પણ ન પડે તેટલા બધા બિનકાર્યક્ષમ છે?

આ બે માંથી મુખ્યમંત્રીએ એક વાત તો સ્વીકારવી જ પડે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ સીબીઆઇના ઉમેદવાર ઉભા રાખશે, તેવું મુખ્યમંત્રીનું વિધાન બાલિશ અને હાસ્યાસ્પદ છે. મુખ્યમંત્રી કોંગ્રેસ પક્ષની ચિંતા કરવાનું છોડે, કોંગ્રેસ પક્ષ કોને ઉમેદવાર તરીકે ઉભા રાખવા તેની સારી સુઝ-બુઝ ધરાવે છે. કોંગ્રેસ પક્ષ ભાજપની જેમ ગુન્હેગારોને ઉમેદવાર તરીકે ઉભા રાખવાનો નથી. <u>જે પક્ષના સત્તર-સત્તર જેટલાં પ્રથમ હરોળના અને તેથી પણ વધારે બીજી હરોળના ગુજરાતના આગેવાનોને જેલમાં જવું પડ્યું હોય તેવા મુખ્યમંત્રીશ્રીના મોઢે હવે ગુજરાતના નામે વાતો કરવાનું શોભતું નથી.</u>

ભાજપની છાપ કોમવાદી પક્ષ તરીકેની તો છે જ, પણ હવે ક્રીમીનલ પાર્ટી તરીકેની પણ છાપ ઉપસી આવી છે. ત્યારે, <u>મુખ્યમંત્રીએ ખંડણીયાત્રા-અપરાધયાત્રાને ગુજરાતની વિકાસયાત્રા તરીકે ખપાવવાનું બંધ કરે તે સમયનો તકાજો છે.</u>

રાજ્યના મુખ્યમંત્રી જેવા જવાબદાર પદે બેઠેલી વ્યક્તિની નૈતિક ફરજ બને છે કે, દેશની બંધારણીય પ્રક્રિયામાં સહકાર આપે. બંધારણીય પ્રક્રિયા મુજબ થઇ રહેલ કાર્યવાહીની ટીકા કરી ગુજરાતના મુખ્યમંત્રી દેશની સર્વોચ્ચ અદાલતનું જ અપમાન માત્ર નથી કરી રહ્યાં પણ, સાથોસાથ દેશને નબળો પાડવામાં સાથ આપી રહ્યાં હોય તેમ દેખાય છે. માત્ર ઉશ્કેરણીજનક નિવેદનો કરવાથી રાજ્યનું હિત સાધી શકાતું નથી, આ વાત હવે રાજ્યની જનતા અને સાથોસાથ જેલમાં બેસેલા તેમના સાથીઓ પણ સમજી ગયા છે.

(જયંતીલાલ પરમાર)
પ્રવક્તા